# શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક
# પ્રવચન નં. ૬
# અધિકાર ૭મો
# સ્થળ:સુવર્ણપુરી તા.૧૪.૦૮.૧૯૬૨ મંગળવાર

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુ સંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિન:।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમોનમ:।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમ: સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાન્તરચ્છિદે।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર...

મોક્ષમાર્ગ પ્રકાશક. સપ્તમા અધ્યાય ચલતે હૈ. ફરીને, ''**યહાં કોઉ કહૈ....**'' ત્યાંથી લેના હૈ. છે? હં! ''**પ્રશ્ન, પ્રશ્ન યહાં કોઉ કહૈ. શુભ ભાવનિતૈં પાપકી નિર્જરા હો હૈ....**'' અપનેમેં કષાય મંદ હો તો પાપ પૂર્વકા હૈ ઉસકી નિર્જરા હોય? ઐસા શિષ્યકા પ્રશ્ન હૈ ''**ઔર પુણ્યકા બંધ હો હૈ....**'' શુભભાવસે પાપકી નિર્જરા ઔર પુણ્યકા બંધ. ''**શુદ્ધ ભાવનિતૈં દોઉનિકી નિર્જરા હો હૈ....**'' અને શુદ્ધભાવ જિતના અંતર રાગ રહિત પવિત્ર પર્યાય પ્રગટ જિતની વીતરાગી હુઇ, ઉસસે તો દોઉ કી નિર્જરા પુણ્ય ને પાપની હૈ ઐસે હમ કહેતે હૈ એમ શિષ્યકા પ્રશ્ન હૈ. (શ્રોતા : ...) હેં? હા. લખ્યું છે, ભલેને લખ્યું હોય પણ આ અંદર એક અપવાદ છે આ. સમજમેં આયા? એક અપવાદ રાખીને વાત અંદર છે. ''**મોક્ષમાર્ગ વિષૈ સ્થિતિકા તો ઘટના સર્વ હી પ્રકૃત્તિનીકા હોય હૈ....**'' માણેકલાલભાઇ! હેં? ઇ એની

વાત એક કોર રાખો, બીજા હાથની વાત છે ને એ વાત થઇ હતી કાલે, ''**મોક્ષમાર્ગ વિષૈ....**'' સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અપના શુદ્ધ પરિણામ હુઆ વો મોક્ષમાર્ગ, ઉસસે **તો** ''**ઘટના, સર્વ પ્રકૃત્તિનીકી સ્થિતિકા હોય....**'' સ્થિતિ તો સબ પ્રકૃત્તિકી ઘટ જાય હાં.

(શ્રોતા : ...) મોક્ષમાર્ગ વિષે પાપ પ્રકૃત્તિ સ્થિતિ ન ઘટે? એ તમારો પ્રશ્ન ઊંધો થ્યો(થયો). પુણ્ય પ્રકૃત્તિકી સ્થિતિ ઘટે? એમ પૂછના ચાહીએ તમારે તો. (શ્રોતા : ...) ત્યારે પાપકી સ્થિતિ ઘટે? તો એ બીજી વાત હૈ. તુમ પ્રશ્ન પાપકી સ્થિતિ ઘટે? ઐસા પ્રશ્ન કીયા તો વો પ્રશ્ન તો તદ્દન ઉલટા હુઆ. આહાહા! મોક્ષમાર્ગ વિષે પાપ સ્થિતિ તો ઘટે હી, પણ પુણ્ય સ્થિતિ ભી ઘટે. ઐસા પ્રશ્ન હોય. સ્થિતિ તો સંસાર હૈ શેઠી! ક્યા સ્થિતિ આતી (શ્રોતા : ...) ઐસા કહાં સે આયા વળી? નહિ, નહિ, વો સબ ગપ હૈ, ગપ કહેતે હૈ? ક્યા કહેતે હૈ? ગપ કહો કે ખોટી કહો. સમજમેં આયા? યહાં તો મોક્ષમાર્ગ, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રકી પર્યાય હોતૈ સબ પ્રકૃત્તિકી સ્થિતિ ઘટતે હૈ. પાપકી તો ઘટતે ઉસમેં નવાઇ નહિ, પણ પુણ્ય કી સ્થિતિ ભી ઘટતે હૈ મોક્ષમાર્ગમેં ક્યોંકી સ્થિતિ સંસાર હૈ, સંસાર. પુણ્યકી હો કે પાપકી હો, સ્થિતિ તો દો હી પુણ્ય પાપકી ઘટ જાતી હૈ.

એક બાત કહા ''**તહાં પુણ્યપાપકા વિશેષ હૈ હી નાહીં....**'' ત્યાં પુણ્ય ને પાપની સ્થિતિમાં મુદ્દતમાં ફેરફાર હૈ નહિ કે પાપકી સ્થિતિ ઘટ જાય અને પુણ્યકી સ્થિતિ બઢ જાય અથવા ઘટે નહિ ઐસા પુણ્ય પાપમેં ફેર હૈ નહિ. સમજમેં આયા? ઔર હવે આ એક વાત જરી વો ઉદય આતા થા. ભાષા તો, ઘણી વાર ખ્યાલ તો હતો, પણ આ તીવ્ર ઉદય ઉદય કરે પણ બંધ વિના ઉદય શી રીતે? એ વાત અમારે પાંત્રીસ વરસ પહેલા થઇ ગઇ હતી. નારણભાઇ હારે કે શુદ્ધ ઉપયોગ હોય તો અનુભાગ તો વધે, નવો વધે, નવો વધે, નવો વધે. એ બંધ વિના ક્યાંથી વધે? સમજે? જેમ શુદ્ધ ઉપયોગ વધે એમ અંદર અનુભાગ પ્રકૃત્તિ, પ્રદેશ અને સ્થિતિ તીનકી વાત નહિ, વો તીનમેં નહીં. સ્થિતિ ઘટતે હૈ પણ પ્રત્યક્ષ પ્રદેશ આતા નહિ શુદ્ધ ઉપયોગમેં. પણ ''**અનુભાગકા ઘટના પુણ્ય પ્રકૃત્તિનીકા શુદ્ધ ઉપયોગતૈં ભી હોતા નાહીં....**'' સમજમેં આયા? હેં?

અનુભાગકા ઘટના નહિ એટલી પહેલી વાત કરતે હૈ. ''**પુણ્ય પ્રકૃત્તિકા શુદ્ધ ઉપયોગતૈં ભી ઘટના હોતા નહિ....**'' હવે ઘટના હોતા નહિ પહેલી વાત કરીને હવે વધે છે. સમજમેં આયા? ''**ઉપરી ઉપરી પુણ્ય પ્રકૃત્તિનીકૈ....**'' ઉપર, ઉપર, ઉપર જેમ ગુણસ્થાનકી શુદ્ધિ બઢ જાય એમ ''**અનુભાગકા તીવ્ર ઉદય હો હૈ....**'' જબ ઉદય હોય તો બંધ હોય તો ઉદય હોય. અનુભાગ પ્રકૃત્તિ પ્રદેશકી સ્થિતિ તો પહેલે બાત કિયા થા. પ્રકૃત્તિ પ્રદેશ હોય

ऐसा नहि पण ऐसी कोई स्वभावके अनुभागमें रस बढ़े. बढ़ते ज्यां पूरण आम थई ग्युं(गयुं) तो अनुभाग पूरण ने पूरण छूटी जाय. ''**उपरी उपरी पुण्य प्रकृत्तिनी कै, अनुभाग के तीव्र बंध उदय हो है....**'' कहो समजमें आया ?क्यां ग्या(गया) राजमलजी ! समजमें आया ? डालचंदजी ! ऐसा वो प्रश्न किया उसके सामने किया (कहा) के ए तुम कहते हो ऐसा नहि है भैया स्थिति घट जाय दोई की शुद्ध उपयोग हें ? स्थिति तो घट जाय संसार है ने उग्र ऐसा. पण अनुभाग पापका घट जाय पण पुण्य का घटते नाही. पुण्यका घटते नाहीं, पण उसकी बढ़ता है, ऐसी एक विशेषता है. समजमें आया ?

''**ઉપર ઉપર પુણ્ય પ્રકૃત્તિનીકૈ....**'' રસ, રસ, રસ સ્થિતિ નહિ, તીવ્ર અંદર અનુભાગમેં બંધ હોતા હૈ. તીવ્ર બંધ હોતા હૈ તો ઉદયમેં તીવ્ર આતે હૈ. કહો માણેકલાલભાઈ ! હવે સમજાણું કાંઈ ? એ કહે સમજાતું નહોતું બરાબર. (શ્રોતા : ...) પણ એ વધ્યો નવો થ્યો(થયો)ને ? સત્તામાં એ નવું થ્યું(થયું) ક્યાંથી આવ્યું ઈ ? નવો બઢવારી વિના સત્તામાં આવ્યું ક્યાંથી ? કયા ? (શ્રોતા : ...) પડામાં રસ પડા નયા, લોકો કહેતે હૈ ને બંધ. અનુભાગ સહિતના હોં ! પહેલે પડયા વિના ઉદય આયા કહાંસે ? એ તો ઘણીવાર વાંચતા, મગજમાં તો આવતું'તુ પણ હવે ક્યાંય ખબર નહિ પડે શું કરે શબ્દોમાં કે આ તીવ્ર ઉદય હોય, તીવ્ર ઉદય હોય પણ પડયા વિના, રસ નવો પડયા વિના જૂનામાં, પણ નવો પડયોને નવો પડયો ને રસ. રસ પડયો નવો. તીવ્ર તો ઉદય આતે હૈ ''**ઔર પાપ પ્રકૃત્તિની કૈ પરમાણુ....**'' દેખો હવે આમાં પાછું એમાં ઈ સિદ્ધ કરે વાત છે.

''**પાપ પ્રકૃત્તિની કૈ પરમાણુ પલટિ શુભ પ્રકૃત્તિરૂપ હોય ઐસા સંક્રમણ શુભ ને શુદ્ધ દોઉ ભાવ હોતૈં હોય....**'' પલટી પણ બેયને કારણે થાય. શુભ પરિણામ હોય તો પાપના પરમાણુ પલટકર પુણ્ય હો જાતે હૈ. શુદ્ધભાવસે ભી પાપ પ્રકૃત્તિ પલટકર પુણ્ય હો જાતે હૈ, કહો સમજમેં આયા ? (શ્રોતા : સત્તામાં પડી હોય છે) સત્તામાં પડી હોય ઈ સત્તામાં પડી હોયને ભાઈ ! ચીમનભાઈ આ આવ્યું ને કે શુદ્ધથી પણ પાપની પ્રકૃત્તિ પલટી જાય છે, નહિતર એમાં તો કષાય હોય થોડો પણ એ આંહી શુદ્ધથી પણ ''**પાપ પ્રકૃત્તિ કે પરમાણુ પલટી શુભ પ્રકૃત્તિરૂપ હોય ઐસા સંક્રમણ શુભ અને શુદ્ધ દોઉ ભાવ હોતૈં હોય....**'' સમજમેં આયા ? (શ્રોતા : .....) હુઆ, હુઆ ને પહેલે, પહેલે કહ્યાને ? અનુભાગમેં પડયા તો પ્રકૃત્તિભી પલટ જાતી હૈ, ઈતની હોં ! (શ્રોતા : ...) એકલા શુભસે ભી પ્રકૃત્તિ તો પલટતી હૈ. પાપસે પુણ્ય રૂપ પણ આંહી તો વિશેષ શુદ્ધ કી બાત કરના હૈ.

શુભમેં તો સાધારણ પલટે એ તો અનંતવાર ઐસા પલટ ગયે. અભવી - ભવી પહેલે બંધ ન હો. શુભભાવમેં તીવ્ર પાપકી સ્થિતિ ભી ઘટ જાય અને પાપ પલટકર ઈતના પુણ્ય ભી હો જાય. પણ યહાં તો શુદ્ધકી બાતમેં જરી વિશેષતા કહેતે હૈ, સમજમેં આયા ? જિતની કષાય છોડકર શુદ્ધતા હુઈ ઉસસે અનુભાગ ભી બઢે ઔર પ્રકૃત્તિ પલટ જાય ઐસા શુદ્ધ ને શુભમાં બેય પ્રકૃત્તિ પલટવાની વાત છે અને શુદ્ધમાં તો, અનુભાગ એકલો વધે બાકી સ્થિતિ આદિ ન વધે. ''**તાતૈં પૂર્વોક્ત નિયમ સંભવૈં નાહીં....**'' શું કહે છે કે શુભથી નિર્જરા થાય, આંહી ના પાડવી'તી. શુભથી નિર્જરા થાય ભાઈ એ ના પાડવી છે આંહી. શુદ્ધતા થાય ત્યારે આ નિર્જરા થાય ને આ પ્રકાર એમાં પડે. તું કહે શુભથી નિર્જરા થાય પાપની અને ઓલી પુણ્ય પ્રકૃત્તિ બંધાય એમ નથી. ''**વિશુદ્ધતાહીકૈ. વિશુદ્ધતાહીકૈ અનુસાર નિયમ સંભવે હૈ....**'' હવે કષાય કા અભાવ, જિતના સ્વભાવમેં કષાયકા અભાવકી પરિણતિ હોય, વો અપેક્ષાસે નિર્જરા સંભવતે હૈ એમાં ઈ સમજી લેવું થોડું. સમજાય છે કાંઈ ?

હવે દાખલો આપે છે જુઓ દૃષ્ટાંત ''**દેખો. ચતુર્થગુણસ્થાનવાળા....**'' ચોથા ગુણસ્થાનવાળા સમ્યગ્દૃષ્ટિ જીવ ''**શાસ્ત્ર અભ્યાસ....**'' કરતે હૈ, ''**આત્મચિંતવન....**'' નામ નિર્વિકલ્પમાં અનુભવ ભી કભી હોતે હૈ ઐસા ''**કાર્ય કરે, ઐસા કાર્ય કરે....**'' લ્યો ! શાસ્ત્ર અભ્યાસ કરે. છે ને ઈ કરે બેઉને લાગુ પડે. ''**શાસ્ત્ર અભ્યાસ કરે, આત્મચિંતન આદિ કાર્ય, કરે તહાં ભી નિર્જરા નાહીં....**'' આંહી વિશેષ કષાયના અભાવને વિષે બાકી નિર્જરા તો થોડી છે, પણ વો પંચમગુણસ્થાન જિતની નિર્જરા નહિ તો ન્યાં(ત્યાં) ''**નિર્જરા નાહીં બંધભી ઘના હોય હૈ!....**'' દેખો ચોથે ગુણસ્થાનમેં નિર્જરા નાહી ને બંધ બહોત. સમયસારમેં કહતે હૈ કિ સમ્યગ્દૃષ્ટિ કો બંધ, બંધ હૈ હી નહિ ભાઈ ! સમજમેં આયા ? વો તો સમ્યગ્દર્શનકા જોરમેં અસ્થિરતાકા પરિણામ જો થોડા હૈ વો કોઈ મૂળ અનંત સંસારકા કારણ નહિ, એટલે ત્યાં તો એકદમ જોર સમ્યગ્દૃષ્ટિ, મોક્ષ સ્વરૂપ હૈ.

ધન્નાલાલજી ! જાહેર થાઓ કે મિથ્યાત્વ હી સંસાર હૈ ઔર સમ્યગ્દર્શન હી મોક્ષ હૈ. વો સમ્યગ્દર્શનકા મહાત્તમ બતાના હૈ. ન્યાં(ત્યાં) તો અંશે અંશે જિતના બંધકા કારણ હૈ ઈસસે બંધ હોતા હૈ અને જિતની શુદ્ધતાકી બઢવારી હોઈ ઈતની નિર્જરા (હોઈ). શુદ્ધતા અંદરમેં પ્રવૃત્તિ અનુસાર નહિ, વહાં તો વો સિદ્ધ કરના હૈ કે ભઈ, બહારના પ્રવૃત્તિ ઈતના કરના આ તો ક્યા હૈ દેખોને, કે ''**ચોથા ગુણસ્થાનવાળા શાસ્ત્ર અભ્યાસ ઔર આત્મચિંતવન આદિ....**'' અનુભવ નિર્વિકલ્પ અનુભવમેં પડા હો ચોથેગુણસ્થાનવાળા ચિંતવનમાં વિકલ્પ આદિ હોય એ તરફકા અને આદિ અનુભવ ભી કરતે હો અને ચિંતવનને

અનુભવભી કહેવાય છે. ''**તહાં ભી નિર્જરા નાહીં....**'' (શ્રોતા : ...) ગુણશ્રેણિની આંહી અત્યારે ના પાડવી છે. બીજે ઠકાણે હા પાડશે.

(શ્રોતા : ...) હા હા મૂળમાં છે ? આંહી ના પાડે છે. આંહી તો કહે, છે ઓલામાં મૂળમાં ? મૂળમાં ? નાહિ આંહી તો ઇ સિદ્ધ કરવુ છે ને ! ઇ આંહી નિર્જરા નથી એમ અહીં સિદ્ધ કરવુ છે. અકષાયભાવ વધી નિર્જરા થાય એમ સિદ્ધ કરવુ છે એટલે, છે તો ખરી, પણ ચોથાગુણસ્થાન કરતા પંચમગુણસ્થાનમાં બે કષાયનો અભાવ છે. ત્યાંય હજી નિર્જરા થોડી ને બંધ ઘણો એમ કહેશે. સમજમેં આયા ? ત્યાં ભી એમ કહેશે હજી. આંહી તો મિલાન આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ હૈ, ઉસકી દૃષ્ટિ હુઇ, વો ઉપરાંત જિતના અકષાય ભાવ કી પરિણતિ બઢતી હૈ, ઉસસે નિર્જરા સિદ્ધ કરના હૈ. પ્રવૃત્તિકે અનુસાર નિર્જરા હૈ ઐસા નહિ. કહો સમજમેં આયા ? આ તો ઓલા કહે શાસ્ત્રઅભ્યાસ... ભાઇ એ નીકળી ગ્યું(ગયું) આમાં તો, ઓલા કહે શાસ્ત્ર અભ્યાસથી નિર્જરા થાય છે. ખોખા આવે છે ને ધવલમાં ? કઇ અપેક્ષાથી વાત છે એને સમજ્યા વિના હેં ? સમજમેં આયા ? વો આતે હૈ ધવલમેં તો વો. રતનચંદજી ! હૈ ને ? એણે વાત કિયા થા ને ધવલ પણ એ ધવલ બવલ બીજાએ નથી દેખ્યા ? (શ્રોતા : ...) નો જોયું હોય એમાં શું ? માલ માલ જોઇ લીધો છે બધોય. માલ માલ માખણ લઇ લિયા હૈ.

પોપટભાઇ ! કહેતે હૈ કે ''**આત્મ અનુભવ કાર્ય કરે તહાં ભી નિર્જરા નાહિ ઔર બંધ ભી ઘના હોય હૈ....**'' આંહી તો ઓલી અશુદ્ધતાકા નાશ વિશેષ બતાના હૈ. ઔર શુદ્ધતાકી પવિત્રતા બઢે તો નિર્જરા હોતી હૈ, યે બાત સિદ્ધ કરના હૈ. માથે કહ્યું ને કે ''**વિશુદ્ધતા કે અનુસાર નિયમ સંભવે....**'' વિશુદ્ધતા એટલે કે અકષાયભાવ, એને અનુસારે વાત સિદ્ધ કરતે હૈ. પંચમગુણસ્થાનવાળા લ્યો ! અને ચોથાગુણસ્થાનવાળા તો અમુક હદવાળું છે એને તો... આદિ આ પંચમગુણસ્થાન દો કષાયકા નાશ હુઆ સમ્યગ્દષ્ટિ, ઔર દો કષાયકા નાશ હોકર સ્થિરતાભી બઢ ગઇ ચોથેગુણસ્થાનસે. પહેલી પડિમા દૂસરી પડિમા આતી હૈ ને ? આ શ્રાવકકી ઇ પડિમાકા વિકલ્પ નહિ. (શ્રોતા : ...) હા, ઓલા પડિમામાં લખ્યું છે ને નહિ મારામાં આમ લખ્યું છે, આમાં આમ આવ્યું છે આ. કાલ લેખમાં આવ્યું'તું પડિમા રાતે વાંચ્યું એમાં. પડિમા આ લીધાં પડિમાથી આમ થાય, હવે પડિમા તો વિકલ્પ છે સાંભળને, તારે જોર દેવું જોઇએ.

આંહી તો ''**પંચમગુણસ્થાનવાળા....**'' દો કષાયકા નાશ કિયા હૈ. ''**ઉપવાસ આદિ....**'' કરતે હૈ. ''**ઉપવાસ, પ્રાયશ્ચિત આદિ કર લેતે હૈ....**'' એટલે બાહ્ય અભ્યંતર બે ય નાખ્યું, બે ય નાખ્યું. બાહ્ય... બાહ્ય તપ ભી કરતે હૈ અને અભ્યંતરમાં વો પ્રાયશ્ચિત

આદિ બાહ્ય છે તો એય પણ બાહ્ય પણ એ ''**પ્રાયશ્ચિત વિનય આદિ તપ કરૈ આ તિસ કાળ વિષૈ ભી વાકૈ નિર્જરા થોડી....**'' વો કાળમેં ભી ઉસકો નિર્જરા, નિર્જરા નામ શુદ્ધિ અને અશુદ્ધિકા નાશ થોડા, કર્મકા નાશ ને અશુદ્ધિકા નાશ થોડા. ''**ઔર છઠ્ઠા ગુણસ્થાનવાળા....**'' આંહી તો યે વાત કરની હૈ ને? મુનિ હુઆ. છઠ્ઠે ગુણસ્થાન. તીન કષાયકા નાશ ભાવલિંગી સંત છઠ્ઠે ગુણસ્થાનમેં હો, વિકલ્પ શુભમેં આયા હો, ''**આહાર-વિહાર આદિ ક્રિયા કરૈ....**'' દેખો છઠ્ઠા ગુણસ્થાનવાળા આહાર કરે, સ્વાધ્યાય કરે, ઉપદેશ કરે એ ક્રિયા કરે. ઉપદેશ કે કાળમેં ભી, આહારકે કાળમેં ભી, વિહાર કે કાળમેં ભી, ''**તિસ કાળ વિષે ભી વાકૌ નિર્જરા ઘની....**'' ઘણી વો તીન કષાયકા નાશ હુઆ વો અપેક્ષાસે હૈ, બાકી નગ્નપણા હૈ ને વિકલ્પ હૈ ને વો અપેક્ષાસે નહિ.

પાંચમાની અપેક્ષાસે તીસરા કષાયકા નાશ હૈ છઠ્ઠેમેં, તો જિતની વિશુદ્ધતા બઢી, ઉસસે નિર્જરા હોતી હૈ. ઓલો ઉપવાસ કરે, આ આહાર કરે, બેઉ સામેસામે લીધું. સમજમેં આયા? પંચમગુણસ્થાનવાળા ઉપવાસ કરે, છઠ્ઠા વાળો આહાર કરે. પંચમવાળો પ્રાયશ્ચિત આદિ તપ કરે આ વિહારાદિ કરે. હાલે, ચાલે, બોલે, વ્યાખ્યાન આપે કહો સમજમેં આયા? ''**તિસ કાળ વિષૈ ભી....**'' તે કાળમાં પણ ''**યાકૈ નિર્જરા ઘણી....**'' તીન કષાયકા નાશ હુઆ હૈ, સ્વદ્રવ્યકા આશ્રય ઉગ્ર હુઆ હૈ, વો અપેક્ષાસે ઉસકો નિર્જરા ઘણી, ''**ઉસતૈં ભી બંધ થોરા હોય....**'' લ્યો! ઉસસે ભી બંધ પંચમથી પણ છઠ્ઠેમેં તો બહોત અલ્પબંધ હોતા હૈ. કહો સમજાણું કે નહિ? માણેકલાલભાઇ! બાબુભાઇ! ''**તાતૈં બાહ્ય પ્રવૃત્તિકે અનુસાર નિર્જરા નાહીં હૈ....**'' આ લે છે સિદ્ધાંત આ કરના હૈ. એ શુભ પરિણામકે અનુસાર નિર્જરા નહિ. ઓલો સ્વાધ્યાય કરે ને આ કરેને ઓલો કહે શુભ પ્રવૃત્તિસે નિર્જરા હૈ. આંહી વો શુદ્ધસે નિર્જરા સિદ્ધ કરના ઇતના અપવાદ હૈ તો વો બાત તો દૂસરેમેં કહ ગયે થે.

''**અંતરંગ કષાય શક્તિ ઘટે....**'' દેખો અંતરંગમેં જિતના ક્રોધ, માન, માયા, લોભ, એક કષાય, દો કષાય, તીન કષાય આદિ જે ઘટે, ''**વિશુદ્ધતા ભયે નિર્જરા હો હૈ....**'' અંતરંગ કષાય શક્તિ નાશ હોકર અકષાયી વીતરાગી પર્યાય જિતની નિર્મળ હુઇ, વો અનુસાર નિર્જરા હો હૈ. કહો સમજમેં આયા? આ તો બાહર ત્યાગ કરે, આણે અપવાસ કર્યા ને આને બહુ નિર્જરા મુનિથી પણ ઘણી નિર્જરા. મુનિ આહાર કરે છે માટે ઓછી થોડી નિર્જરા ઐસા હૈ નહિ. આહાર કરતે નિર્જરા? (શ્રોતા : ...) વો આહાર કરતે નિર્જરા નહિ હૈ, આહાર કરતે કે કાળમેં નિર્જરા હૈ. ઇ ક્યા? વો આહાર કરનેકા વિકલ્પસે નહિ, પણ તીન કષાયકા નાશ હોકર શુદ્ધ પરિણતિ હૈ ઉસસે વો નિર્જરા. આહાર કરને કા વિકલ્પ નિર્જરા

કારણ નહિ. સમજાણું કાંઇ? (શ્રોતા : ...) નહિ કહેશે એમ અત્યારે, અત્યારે મૂળ વાત કષાયની શક્તિ પાંચમાં ને વધારે ઘટી છે, છઠ્ઠાને વધારે ઘટી છે એ અપેક્ષાએ વાત થોડી. એ તો નિર્જરા થોડી તો...

(શ્રોતા : ...) હેં? ચારિત્ર, ચારિત્ર આંહી ચારિત્રની પ્રધાનતા સ્થિરતાની લેવી છે. ત્યાં સ્થિરતાની પ્રધાનતા દેવી છે. સમયસારમાં સમ્યગ્દર્શનની પ્રધાનતા લેવી છે. ક્યાંક ચારિત્રની પ્રધાનતા આપે મોક્ષ... અધિકારમાં ભલે આપે કે મુનિ કો ભી રાગ આતે હૈ. પંચમહાવ્રત તો વો ઝેર હૈ, ઝેર હૈ. અમૃતકો લૂંટનેવાલા હૈ મુનિકા રાગ. જહાં જહાં જે પ્રકારકી અપેક્ષા લિયા હૈ ઉસકો સમજના ચાહિએ. સમજમેં આયા? ''**સો ઈસકા પ્રગટ સ્વરૂપ આગે નિરૂપણ કરૈંગે....**'' હવે આથી વધારે વિસ્તાર આગળ કહેંગે પણ વો પીછે બાત રહ ગઇ, દેહ છૂટ ગયા. ''**તહાં જાનના....**'' ઐસે હવે સરવાળો ''**અનશન આદિ ક્રિયાકો તપસંજ્ઞા ઉપચાર તૈં જાનની....**'' આંહી તો એ વાત કહેની હૈ. એક ઉપવાસ ને બે ઉપવાસ ને ચાર ઉપવાસ ને ઉણોદરી ને રસ પરિત્યાગ ને દૂધ ખાંડ સાકર નહિ ખાના ને મીઠા, નમક શું કહેવાય? નમક... નમક... એય નમક બિનાની રોટી ખાના ને ઐસા બાહરકી ક્રિયાઓકો તપસંજ્ઞા ઉપચારસે હૈ, આરોપ સે હૈ, વ્યવહારસે હૈ, ''**યાહીતૈં ઈનકો વ્યવહાર તપ કહ્યા હૈ દેખો....**'' સમજમેં આયા?

આ તો વ્યવહાર પ્રતિ ઘોડા હો ગયા, ઘોડા હો ગયા સમજે? સબ હો ગયા. (શ્રોતા : એનાથી ધર્મ) એનાથી ધર્મ થયો. ઉપવાસ કર્યો ને ઉણોદરી કરીને આ કિયા ને આ કિયા ધૂળમેંય ધર્મ નહિં. સુન તો સહી. એ તો અંતરઅકષાય પરિણતિ હો, તબ બાહ્ય તપ ઐસા હો તો ઉસકો ઉપચારસે, આરોપસે, નિમિત્તસે, વ્યવહારસે કહનેમેં આતા હૈ. ખરેખર વો તપ હૈ નહીં. આરે! વાત પણ જરી વિચારવામાં શ્રદ્ધા નિર્મળ કરનેકી ચીજ ક્યા હૈ વસ્તુની શ્રદ્ધા કૈસે સત્ય હો ઐસા પહેલે નિશ્ચય કરના ચાહીએ, દૂસરી બાત એક બાજુ. એ વિષય કષાયકી આસક્તિ ઘટે યે પીછે. સમજમેં આયા? વો તત્ત્વાર્થસારમાં કહ્યું છે ને ભાઇ બંસીધરજીએ કહ્યું ભાઇ, આસક્તિ ઘટવા પહેલા પણ વાસ્તવિક તત્ત્વકી વિશુદ્ધિ દર્શન વિશુદ્ધિ કરના ચાહિએ. પીછે આસક્તિ ઘટનેકા પ્રયત્ન પીછે થાય. (શ્રોતા : ...) કહો તત્ત્વાર્થસારમાં કહ્યું, ભાઇએ કહ્યું, બંસીધરજીએ. કેટલી વાત થાય ને બીજી અમારે તો... (શ્રોતા : કોઇ માનવાવાળું નથી) હેં? એ વખતે કેટલાક પંડિતો કરતા એણે લખ્યું છે કેટલુંક... બંસીધરજી સોલાપુરવાળા થા, ગુજરી ગયા.

હવે કહે છે દેખો ''**એ વ્યવહાર ઉપચારકા એક અર્થ હૈ....**'' લ્યો ! વ્યવહાર કહો, ઉપચાર કહો, આરોપ કહો આ દવામાં નથી કહેતા કે ઉપચાર કરીએ છીએ ભાઇ. શેઠી ! મટવું હોય તો મટે આ ઉપચાર કરીએ છીએ ભાઇ, એ તો આ પાંચ ડીગ્રી તાવ ઘણાં વખતથી છે, એકવીસ દિ' થઇ ગયા. ટાઇફોડ છે આમ છે તેમ છે ઉપચાર કરીએ છીએ થવું હોય તેમ એનો અર્થ ઇ છે. એમ આ બાર તપ ને ઉપચાર વ્યવહારથી કહેવામાં આવે છે, એ તપ ખરેખર હૈ નહિ. અંદર (શ્રોતા : ...) થાવું તે થાશે, અકષાય પરિણતિથી થાશે એમ કહે છે આંહી. કંઇ શુભભાવથી ને આવી ક્રિયાથી થશે એમ છે નહિ.

લ્યો ! હવે વ્યવહારને ઉપચાર કે નિમિત્ત કહો એકની એક વાત છે. ઇ નો માને. (શ્રોતા : ...) આ શું કહેવાય ત્યારે આ, એ બધાય કહે નહિ, નહિ પણ ન્યાય આપ્યો કે નિમિત્ત દેખકર, સહચર દેખકર, ઉપચારસે વ્યવહાર સંજ્ઞા સમકિતકો કહેનેમેં આઇ હૈ. વો દો નયકા અવલંબન, વો તો નિમિત્ત કહો, વ્યવહાર કહો, ઉપચાર કહો, આરોપ કહો સબ એક હી બાત હૈ. તો કહે નહિ નિમિત્તને ઉપચાર કહ્યા એ શાસ્ત્રમેં હૈ નહિ. (શ્રોતા : ...) અરે ભગવાન શું થયું ? એકદમ અહીંની વાત નવી લાગી એટલે નવી લાગી એટલે ઉડાડી ફટ્ દઇને ભાઇ ! પણ ઇ ઉડી જાય એવા નથી, એ ફૂંકથી કાંઇ ડુંગરા પડે એવા, ઉડે એવા નથી. (શ્રોતા : ...) સમજમેં આયા ? ફૂંકસે પહાડ... આતે હૈ ને તમારે નહિ કોઇ ? ફૂંકસે પહાડ ઉડાના ચાહતે હો એક ફેરે કહ્યા'તા ભાઇએ ફૂંકસે પહાડ ઉડતો નથી અને પહાડ, પહાડને કારણે ઉડે, સુનને ! વો ઉસકે કારણ સે રહતે હૈ કોઇ કે કારણસે રહતે કે જાતે નહિ.

''**બહુરી (ઔર) ઐસા સાધન તેં....**'' આ તો નિમિત્ત કહ્યું. ''**જો વીતરાગભાવ વિશુદ્ધતા હોય....**'' બાહર તપ કા કીયા ઓ નિમિત્ત સબ વ્યવહાર થા વો વીતરાગ ભાવ વિશુદ્ધતા હોય, અંદર અકષાય શુદ્ધતાની પરિણતિ હોય તો ''**સાચા તપ નિર્જરાકા કારણ જાનના. ઇ સાચા તપ નિર્જરાકા કારણ જાનના....**'' નિર્જરા નામ ધર્મ. નિર્જરા નામ શુદ્ધિ. નિર્જરા નામ મોક્ષકા માર્ગ. ''**યહાં દૃષ્ટાંત - જૈસે ધનકો વા અન્નકો પ્રાણ કહા....**'' નથી કહેતા લોકો ? ધનપ્રાણ, અન્નપ્રાણ, ૧૧મું પ્રાણ. આ પૈસાવાળાને ધન ૧૧મું પ્રાણ છે એમ કહે. પોપટભાઇ ! (શ્રોતા : ...) ઇ એને લઇને આત્માના પ્રાણ છે ? ઇન્દ્રિયના પ્રાણ ? લોકો એમ કહે કે ભઇ ધન હોયને તો અગિયારમું પ્રાણ અન્નસમા પ્રાણ એમ કહે છે અમારે કાઠીયાવાડમાં આતે હૈ તમારે ? કોઇ ભાષા હોગી. અન્નસમા પ્રાણ હેં ? હિન્દીમેં ક્યા હૈ ? (શ્રોતા : ...)હેં ? અન્નમય પ્રાણ તો અમારે અન્નસમા પ્રાણ ઐસે કાઠીયાવાડમેં કહેતે હૈ. કે ભઇ ! અન્ન હોય તો પ્રાણ અરે ! એ તો ઉપચારની વાત છે.

દેખો, ''**ધનકો ને અન્નકો પ્રાણ કહ્યા સો ધનતૈં અન્ન લાય ધન તૈં અન્ન લાય....**'' એ બેની વાત કરવી છે ને! ''**ભક્ષણ કિયે પ્રાણ પોષે જાય....**'' એ પૈસાથી અનાજ લવાય અને અનાજનું ભક્ષણ કરે તો પ્રાણ ઈન્દ્રિયો પોષી જાય. ''**તાતૈં ધન અન્નકૌં પ્રાણ કહ્યા....**'' પણ કોઈ ''**ઈન્દ્રિયાદિક પ્રાણનિકૌ તો ન જાને....**'' આ ઈન્દ્રિય પાંચ ઈન્દ્રિય આદિ પ્રાણને તો (ન જાણે) ''**ઔર ઈન્હીકૌં પ્રાણ જાનિ સંગ્રહ કરૈ....**'' અન્નને સંગ્રહ કરો, અન્નને સંગ્રહ કરો, અન્નને સંગ્રહ કરો પણ ખાય નહિ સમજમેં આયા? કારણકે વો ભી પ્રાણ કહેનેમેં આતા હૈ ''**ઈન્હી કૌં પ્રાણ જાનિ સંગ્રહ કરૈ તો મરણ હી પાવૈં....**'' ખાય નહિ ને મરી જાય કોઠીયું ભરે અનાજની તો. અનાજની કોઠીયું ભરી રાખે એ તો પ્રાણ હૈ ને? પ્રાણ હૈ ને? એ તો ઉપચારના પ્રાણ. આ પ્રાણ વો રહે તો પ્રાણ એને. (શ્રોતા : ...) હેં? કહનેમેં આતા હૈ પ્રાણ કહાં સે આયા જડમેં? બહારમેં?

''**તૈસે અનશનાદિકૌં વા પ્રાયશ્ચિતાદિકૌં તપ કહ્યા....**''બાહ્યને હોં. બાહરી બધા બાહ્ય સાધન અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસ ત્યાગ, કાય કલેશ, પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન, વ્યુત્સર્ગ એને તપ કહ્યા. ''**ઓ અનશનાદિ સાધન તૈં....**'' આહાર ન હોય, વિકલ્પ ઐસા ઘટ ગયા, ''**પ્રાયશ્ચિત આદિ રૂપ પ્રવર્તે હૈ....**'' એના વિકલ્પમાં એ તો આવે એનાથી ''**વીતરાગ ભાવરૂપ સત્યતપ પોખ્યા જાય....**'' અંતરમેં જ્ઞાનાદિકી નિવૃત્તિ કે કાળમેં શુદ્ધતા પોષી જાય, આ ઉસકો નિર્જરા કહેનેમેં આતી હૈ. ''**તાતૈં ઉપચાર કરી અનશનાદિકૌં અને પ્રાયશ્ચિતાદિકૌં તપ કહ્યા....**'' ઉપચાર કરી વ્યવહાર કરીને પ્રાયશ્ચિત નિયમ, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન, વ્યુત્સર્ગ એ બધાને વ્યવહારથી કીધું લ્યો.

''**કોઈ વીતરાગ ભાવરૂપ તપકૌં તો ન જાનૈં....**'' ઓલા ઈન્દ્રિયને ન જાનૈં, અને એકલા સંગ્રહ કર્યા કરે લક્ષ્મીનો. લક્ષ્મી કેમ આવે એમ આ વીતરાગ ભાવરૂપી ચૈતન્યકી જાગૃત્તિ અકષાય ભાવકો ''**તો ન જાનૈં ઔર ઈન્હીકો તપ જાનિ સંગ્રહ કરે....**'' અનશન કરો, વૃત્તિસંક્ષેપ, રસપરિત્યાગ, આહાર છોડો, આ છોડો, આ છોડો, આ ખાઓ, આ પીઓ, આ ન મૂકો. ''**તૌ સંસારહીમૈં ભમે....**'' એ બાર તપ કરતે છતે ચારગતિમાં રૂલે. કહો બરાબર હૈ? (શ્રોતા : ...) ક્યા કરના તો ખાના ને પછી! (શ્રોતા : ...) ઈ પ્રશ્ન નથી, ખાને કા ભાવ ભી પાપ હૈ અને છોડનેકા ભાવમેં વિકલ્પ આયા વો પુણ્ય હૈ પણ ઉસસે નિર્જરા હૈ, ધર્મ હૈ, ઐસી બાત નહિ, વો બાત બતાના હૈ. અકષાય ભાવ જિતના જ્ઞાતાદષ્ટાકા ભાન હોકર શુદ્ધતા વધે ઉસસે નિર્જરા હોતી હૈ. ઉસસે કર્મકા ક્ષરણ અશુદ્ધતાકા નાશ શુદ્ધાતાકી બઢવારી ઉસસે હોતી હૈ. સમજમેં આયા?

પેલો કહે આ રાત્રિ આહાર એક બાવો હતો, રાતે ખાતો નથી અને દિવસે ખાતો નથી. ૨૪ કલાક ખાતો નથી માટે એને સમકિતદષ્ટિ હશે કે નહિ? લ્યો! એમ પૂછે. હેં? એવા પ્રશ્ન આયા થા. યહાં પ્રશ્ન બહોત બાહરસે આવે કારણ અહીંયા સમ્યગ્દર્શનની બહુ વાત ચાલે છે. એવા એવા ત્યાગી આ એની રાત દી' ખાય નહિં, ઊંધે માથે ને પગ આમ ઉપર ખાડો ખડ્ડા ઐસા. કહો, દિગંબરના પ્રશ્ન આયા અહીંયા દિગંબરમાં જન્મવાળાના. કહે મહારાજ! ઉસકો સમ્યગ્દષ્ટિ હૈ કિ નહિ? આ કીધું કાંઇ માળા જનમ્યાની ખબરે નહિ, દિગંબર ધર્મ ક્યા હૈ? સમજમેં આયા? દિગંબર ધર્મ ક્યા ચીજ હૈ ઉસકા પતા નહિ. જનમ લિયા ખબર ન મળે. સમજમેં આયા? કહેતે હૈ કે ઐસા અનશન કરીને મરી જાય, સુકાઇ જાય તો ભી અંતર સમ્યગ્દર્શન ને સ્થિરતા વિના નિર્જરા હોતી નહીં. ધર્મકા ભાનેય નહિ કહાંસે નિર્જરા આયી?

બાર - બાર મહિનાના ઉપવાસ કરે તો અહો આ તો બહુ કરે છે, શરીર જીર્ણ હો ગયા હૈ, બહુત ખાતે નહિ મૌન..મૌન..મૌન.. ત્રણ-ત્રણ વરસ મૌન રહ્યા લ્યો એક જણા. ત્રણ વરસ કાષ્ઠ મૌન, લોકો તો એમ થ્યું(થયું) ઓહોહો! (શ્રોતા : ...) હેં? હા વો તો બહોત, બાર વરસ મૌન રહે બાર-બાર વરસ મૌન રહે વો ત્યાં અમે ગયે થે ને! હુબલી..હુબલી. હુબલી કા વો મહાત્મા થા. મઠમેં ભી વો એક ત્યાં આયે થે બચારા વ્યાખ્યાન સુનનેકો હમારા વ્યાખ્યાન કિયાને તબ ઉસકા મઠમેં ભી વ્યાખ્યાન કિયા થા, બડા મઠ થા માણસ બહોત થા ને તો હુબલીકા મઠમેં વ્યાખ્યાન કીયા થા, વો સબ આયે થે વ્યાખ્યાન સુનનેકો પણ એ મૌન થા બાર વરસ તક. મૌન, હવે મૌનમેં ક્યા આયા? અંતર વસ્તુ ક્યા હૈ? રાગ ક્યા હૈ? જડકી સ્વતંત્રતા ક્યા હૈ? પૃથકકા ભેદજ્ઞાન વિના સમ્યગ્દર્શન હોતા નહિ અને ઓ વિના શુદ્ધિ વૃદ્ધિ નહીં. મરી જાયને મૌન કરીને, લ્યો! મૌન રહ્યા. આંહી તો કહે છે કે સમકિતી જ્ઞાનીનું બોલવું એ મૌન છે, હાલવું એ સમાધિ છે.

શેઠી! સમયસાર નાટકમેં આતે હૈ (શ્રોતા : ...) એ તો મુનિને. આ તો સમ્યગ્દષ્ટિની ચાહે રહો વનમેં, ચાહે રહો મંદિરમેં. એ ચાલે તે ચાલે તે એની સમાધિ, બોલે તે એનું મૌન, ડોલે એ એનું બધું સમાધિ. એ આ ક્રિયા ઉસકે સાથમેં... અંદર અકષાય શ્રદ્ધા અને પરિણતિ હુઇ હૈ ઉસસે સબ લાભ હોતે હૈ. સમજમેં આયા? ઓ સમયસાર નાટકમેં લિખા હૈ. વાંચ્યા હૈ કે નહિ, સમયસાર નાટક? લ્યો! વાંચ્યા નહિ આ દિગંબરમેં જન્મ લિયા અભીતક. સમયસાર નાટક. આ સમયસાર હૈ, ઉસકા કળશકા અર્થ હૈ ઉસમેં ક્યોં? બહોત અચ્છા કિયા હૈ બનારસીદાસ. બહોત હોંશિયાર. કળશકી ગદ્યમેં લિયા હૈ ગદ્યમેં. નહીં,

ઓલ્યા પદ્યમેં કડીયાઁ બનાયા હૈ બહોત અચ્છી બહોત, બનારસીદાસ તો બહોત... બહુ જ્ઞાની, સમ્યગ્જ્ઞાની પણ ઉસકી ઉગ્રતા પુરુષાર્થની બડા... વ્યવહાર જિતના હૈ ઉસસે લાભ માનનેવાલા મિથ્યાદષ્ટિ હૈ.

જિતના અસંખ્ય અધ્યવસાય વ્યવહાર ઉસમેં લાભ માનનેવાલા ઇતના હી મિથ્યાત્વ હૈ. રાડ નાંખી જાય વો તો બધા કહે, અરર! વ્યવહારસે મિથ્યાત્વ? વ્યવહારસે લાભ માનનેકો મિથ્યાત્વ. વ્યવહારકે જાનનેકો મિથ્યાત્વ નહિ, લાભ માને ઉસસે વ્યવહારસે કુછ લાભ કુછ હૈ, કુછ હૈ, ઉસમેં અનશનાદિમેં કુછ તો હૈ. કુછ હૈ બંધ. સમજમેં આયા? ''**કોઇ વીતરાગ ભાવરૂપ તપકૌં તો ન જાનૈં ઔર ઇનહી કૌં તપ જાનિ સંગ્રહ કરૈ તૌ સંસાર હી મૈં ભમે? બહુત કહા ક્યા કહીએ? ઇતના સમઝિ લેના નિશ્ચય ધર્મ તો વીતરાગભાવ હૈ....**'' લ્યો! સચ્ચા ધરમ જિતના જ્ઞાતાદષ્ટા હોકર રાગ રહિત સ્થિરતા હોતી હૈ વો હી એક વીતરાગ ભાવ હી ધર્મ હૈ બાકી અંદરમેં વિકલ્પ આદિ પંચમહાવ્રત આદિ સબ આયે વો ધર્મ બર્મ હૈ નહિ. (શ્રોતા : આ દેશમાં ધર્મ નહિ) બીજા દેશમાં ધર્મ હોગા. બીજા દેશમાં હશે? બીજા દેશમાં પાક બીજો થાતો હશે એમ હશે? ઝેરનો પાક.

નિશ્ચય ધર્મ, સચ્ચા ધર્મ, પ્રમાણિક ધર્મ, વાસ્તવિક ધર્મ વીતરાગ ભાવ હૈ. બીચમેં રાગ આતા હૈ વો ધરમ હૈ (નહિ) વો ઉસમેં વો તો ઉપચારસે કથન કરને મેં આયા. ''**અન્ય નાના વિશેષ....**'' અનેક પ્રકારકા ''**વિશેષ બાહ્ય સાધન અપેક્ષા ઉપચારતૈં કિયે હૈ....**'' કહો બીજા તપને, વિનયને, વૈયાવચ્ચને સબને ઉપચારસે કહ્યો હૈ. ''**તિનકૌં વ્યવહાર માત્ર ધરમ સંજ્ઞા જાનની....**'' ઉસકો તો વ્યવહાર માત્ર ધર્મ જાનની. ''**ઇસ રહસ્યકો ન જાનૈ....**'' દેખો નિર્જરામાં આ વાત લિયા, રહસ્ય શબ્દ નાંખ્યા ઉસમેં. એ રહસ્યકો તો પિછાનતે નહીં. ''**તાતૈં વાકૈં નિર્જરાકાભી સચ્ચા શ્રદ્ધાન નાહીં....**'' રહસ્ય નહિ પિછાનતા. ભાઇ! બાહ્ય પ્રવૃત્તિતો એ મુનિ તરીકે ગણી અને ઉસમેં વો નિવૃત્તિ હુઇને બાહ્યસે, તો અંતરમેં ઉપયોગકી શુદ્ધતાકા બઢવારા હો, આ ઉસસે નિર્જરા હોતી હૈ કે ધર્મ હોતા હૈ. દૂસરા એ કભી બારહ પ્રકારકા તપસે ધર્મ હોતા (નહિ).

આ વાંચે નહિ માળા, વળી કહે કે ટોડરમલનું ન વાંચવુ. વળી એમ કહેતા'તા હમણા કો'ક. ઓલો મખ્ખનલાલજી છે ને ત્યાં દિલ્હી, દિલ્હી, ટોડરમલનું ન વાંચવુ. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરી શકે નહિ એમ કોઇ કહેતુ હોય તો એનું વાંચવુ નહિ. આરે! આરે! (શ્રોતા : ...) કહો, અરે ભગવાન! સર્વજ્ઞ પરમાત્મા તો કહતે હૈ કિ વિષ્ણુ કહતે હૈ જગતના કર્તા, એમ અમારો કોઇ જૈન શ્રાવક, સાધુ નામ ધરાકર, છકાયકી દયા પાળ સક્તે એમ

માને, શરીરકા રક્ષાકર્મ માને, એ વિષ્ણુ જૈસા મિથ્યાદષ્ટિ હૈ, ઉસમેં કુછ ફેર હૈ નહિ. જૈન અને અન્યમેં કુછ ફેર નહિ. વિષ્ણુએ જગતના કર્તા માન્યા, આ જૈને આ શરીરની ક્રિયા મૈં કર સક્તા હું, છકાયકી દયા પાળ સક્તા હૂં તો ઈતના કા કર્તા હુઆ. કર્તા દૃષ્ટિમેં તો કુછ ફેર હૈ નહિ. (શ્રોતા : છકાયકી દયા) મુનિ પાળતે નહિ. મુનિ ક્યા પાળતે હૈ? વો તો રાગ મંદ હોતે હૈ તો પાળતે હૈ ઐસા કહેનેમેં આતે હૈ. પરકી પર્યાય કોણ પાળે? પાળે કોણ? રાખે કોણ? ટાળે કોણ? આહાહા! ભારે ગડબડ ભાઈ!

એ કાલ કહેતા'તા કો'ક નહિ દિલ્હી. ભાઈ! આવ્યા'તા ને દિલ્હી, વો મખ્ખનલાલજી! હાં ભાઈ અહીંયા પર આવ્યા'તાને મખ્ખનલાલજી આવ્યા'તા, અહીં આવ્યા'તા હોં. અમારા આમાં માનસ્થંભમાં અહીં જુગલકિશોરની હારે આવ્યા'ને બધા બસ્સો માણસ આવ્યા'તા. કહે નહિ. એક દ્રવ્ય, દૂસરે દ્રવ્યકા ન કરે. પ્રત્યક્ષ... શેઠી! આ આંખકા ઉપરેશન કરાયા, આ આંખકો સારી કિયા, અભી ઐસે નહિ કર સક્તે? ... નહિ કર સક્તે? આ ચલ સક્તે હૈ, બોલ સક્તે હૈ, ચશ્મા સાફ કર સકતે હૈ, આંખમાંથી પરસેવો વો કરતે હૈ, પિશાબ કર સક્તે હૈ, દિશા કર સક્તે હૈ, થૂંકના યે નિકાલ સક્તે હૈ. આખો દિન કરતે હૈ ને કહે કરતે નહિ..કરતે નહિ..કરતે નહિ. ત્યારે કહે નહિ વાંચવુ એમ કીધું. મેં પછી પૂછ્યું જરી કોણ વીસપંથી છે કીધું આમ કેમ ટોડરમલનો નકાર કરે છે. હા, વીસપંથી લાગે છે એમ કંઇ કીધું. બહુ ભાઇને ખબર નથી, જયકુમારજી હતા, હેં? વીસપંથી, હાં. (શ્રોતા : ના જ પાડે) ના જ પાડે એટલે કહું છું મેં કીધું આ ના પાડે છે તો આમ કેમ? તેરાપંથી આમ ના ન પાડી શકે, વીસપંથી છે ને? નહિ.

અરે ભગવાન! વીસ કે તેરા મૂકી દે ને! સત્ય ક્યા હૈ? (શ્રોતા : ...) વાત થઇ જાઓ છઠ્ઠો અધ્યાય એક છોડી દેવું. ઓલો કહે પણ આ લોકો કહે પાંચમો અધ્યાય છોડી દેવો. શ્વેતાંબર સ્થાનકવાસી બધા. આ પાંચમા અધ્યાય હૈ ને? ઉસમેં શ્વેતાંબરકો સ્થાનકવાસીકોતો અન્યમતિ કહા હૈ. જૈન હૈ હી નહિ વો, ક્યોંકી જૈનદર્શનસે વિપરીત બહોત કિયા હૈ. દેવ અરિહંતકો આહાર લેના, અરિહંતકો ક્ષુધા લગના, અરિહંતકો રોગ હોના ઐસા કહા. અરિહંત સ્ત્રી હોના મલ્લિનાથ, વો શ્વેતાંબર જૈન હૈ હી નહિ, વો તો અન્યમતિ હૈ. વો પંચમ અધ્યાયમેં ટોડરમલજી કહા અને યથાર્થ કહા હૈ. સમજમેં આયા?

બધું સાંભળવું ધીરેથી હોં? પોપટભાઇના ચિરંજીવને કહું છું પોપટભાઇ! (શ્રોતા : સાંભળવા માટે આવ્યા છે) સ્થાનકવાસી અને શ્વેતાંબરને જૈન કહા નહિ, જૈન હી નહિ. જેમાં બંધકા અધિકારકી અધિકતા બતાતે હૈ ને, અંશે ભી શુદ્ધતા હો એ તો બાત હી હૈ

નહિ. નહિ જૈન નહિ. સમજમેં આયા? વો અન્યમતમેં ખતવતે હૈ. ઐસે કોઇ પરકા કર્તા, પરદ્રવ્યકા કર્તા હો યે વિષ્ણુકી જૈસી ચલતી હૈ પ્રવૃત્તિ ઉસમેં ઉસકો જોડ દો. જૈન યે હૈ નહીં. સમજમેં આયા? તો એ કહે કે નહિ, ટોડરમલકા નહિ વાંચના, વો એક દ્રવ્યસે દૂસરા દ્રવ્ય નહિ કરતે હૈ પણ આ (શ્રોતા : ...) બહોત ... ઓહોહો! (શ્રોતા : સુના હૈ બહુ ચાલે છે એવું સાંભળ્યું છે) એની પાસે? મખ્ખનલાલજી. (શ્રોતા : ...) હા ઇ તો કરતે હૈ ને ગરબડ, સબ ગરબડ કરતે હૈ. (શ્રોતા : છઠ્ઠો અધિકાર વાંચે તો બધી ગરબડ છૂટી જાય) (શ્રોતા : ...) એ તો એક આ ઓલાએ બનાવ્યું છે શું છે ને આ મયણાસુંદરી એનું ગાયન બનાવ્યું છે. શું કહે છે? ભૂલી ગ્યા નામ. શું કાંઇ આવે છે ને? (શ્રોતા : ...) હાં પાઠ લો પઢ લો ઉસમેં ઐસા હોતા હૈ. (શ્રોતા : ...) હા. મૈનારાણી એ બસ. કહો આંહી કાંઇ બધું યાદ રહે? પાયા મૈના રાણી પૂજા કા ફલ પાયા મૈનારાણી ઐસા આતા હૈ ઉસમેં. પૂજાનું ફલ પામ્યા. અરે ભગવાન! ક્યાં એવા પૂજાના ફળ રોગ મટે એ તો ઉપચારથી કથન કર્યું, એ વખતના પુણ્યનો ઉદય હતો મટે, મહામુનિઓને ખાઇ જાય છે જુઓને!

સંત પંચમહાવ્રતધારી મહંત, સંત મહંત ત્રણ કષાયકા નાશ હૈ, ઉસકી માતા ખાતે હૈ તો ક્યા હૈ ઉસમેં? ઉસમેં કંઇ અપની વીતરાગતા ચલી જાતી હૈ? સમજમેં આયા? તો ઉસકો ઇતના પુણ્યસે બ્રહ્મચર્યસે હો ગયા તો કહે વો પૂજાસે હો ગયા તો આ તો મહાપૂજા કરને લાયક હૈ. પણ પોતે પૂજા કરને લાયક હૈ ઉસકી પૂજા કરે ઐસા તો પોતે હૈ, પરમેશ્વર. પંચપરમેષ્ઠીમેં પરમેશ્વર હૈ. તબ વો તો પૂર્વકા પાપ પુણ્યકા ઉદય હો વો પ્રમાણે સંયોગ બનતે હૈ, ઉસમેં સ્વભાવકો ક્યા હૈ? સ્વભાવમેં હૈ નહિ. કહે ના એટલા ધર્મ કરે એને આ રોગ મટી જાય. પૂજા કરે તો આમ થાય. (શ્રોતા : ...) આવા ને આવા. એ મેનારાણી પૂજાકા ફલ પાયા મેનારાણી. હેં? લક્ષ્મીચંદજી! બહોત અચ્છા લગે કે આપણા કુટુંબમેંભી ઐસા કરો હોં, ભગવાન, પણ નહિ મટે તો ભગવાનને ખોટા કરીશ તું? ક્યા કરના હૈ તેરે? ના મટે પૂર્વકા પાપકા કારણસે તો ભગવાન ખોટા હૈ? ભગવાન તો ત્રિકાળ સત્ય હૈ.

ત્રણકાળ ત્રણલોકમેં અરિહંત સર્વજ્ઞ પરમાત્મા પરમ સત્ય ઇન્દ્રોકા, સો ઇન્દ્રોકા પૂજ્ય હૈ. તેરા ભાવ ઐસા હો નહિ અને પૂર્વકા પુણ્ય ન હો, તો ન રોગ મિટે ઉસસે ક્યા આયા? ઉસસે ક્યા ભગવાન જૂઠ હો જાતે હૈ? અને વો ભગવાન રોગ મિટે તો (શ્રોતા : ...) હા, આહાહા! પાણી થાય ને પાણી થાય એ પણ ભગવાનને અડીને પાણી થા માટે મટી ગયા. (શ્રોતા : ...) ઇ તો વળી વીસપંથીને નાંખવું છે ને ઓલું એને પંચામૃત નાંખવું છે ને? હવે ભાઇ રહેવા દે ને! ભગવાન તો નિવૃત્તિમય હતા એને તો એક જળાભિષેક હોતા

ઐસી બાત હૈ. સત્ય તો ઐસા હૈ. સમજમેં આયા? ભગવાન કો તો ક્યા વો તો વીતરાગ હૈ. જૈસા વીતરાગ થા ઐસા બિંબ હોના ચાહીએને? કે દૂસરા બિંબ હોના ચાહીએ? જૈસા મનુષ્યકા શરીર હો ઐસા અરીસામેં બિંબ પડતે હૈ ને, કે અહીંયા લાલ હોય ને ન્યાં(ત્યાં) ધોળા, પડતે હૈ અહીં ધોળા હોય ને ન્યાં(ત્યાં) લાલ પડતે હૈ? ભગવાન વીતરાગ શાશ્વત અક્રિય બિંબ હૈ ધ્રુવ, ઉસમેં કુછ નહિ થા. એક પાણીસે સાફ કરને કો તો મેલ ન હો ઈસલિયે દૂસરી ચીજ ઉસમેં હો સક્તી નહિ.

શેઠી! શેઠીભી વીસપંથી હૈ કહો સમજમેં આયા? હવે છૂટી ગ્યા આ તો આ તો પહેલેકી બાત, આ તો ઉસકા પુત્ર આયાને! ફેર દિયા સબકો કુટુંબકો ફેર દિયા. કહો ''**તાતૈં વાકૈ નિર્જરાકાભી સાચા શ્રદ્ધાન નાહીં....**'' એકેય તત્ત્વકા ઠિકાના નહિ તેરા અને તુમ કહતે હૈ કે હમ ધર્મી જૈન ધર્મી હૈ. જીવ કા અજીવકા ઠિકાના નહિ, આસ્ત્રવકા ઠિકાના નહિ, પુણ્ય-પાપકા ઠિકાના નહિ, બંધકા ઠિકાના નહિ, નિર્જરાકા નહિ એક રહ્યા મોક્ષ હવે, હવે એક મોક્ષ રહા. મોક્ષતત્ત્વ તો અરિહંત સિદ્ધનું લક્ષણ હૈ. સમજે? એ ક્યાંક નાંખ્યું હશે, આમાં લખ્યું હશે, છે ક્યાંય? જૂનામાં. મેં લખ્યું છે ખરું પણ ક્યાંક નાંખ્યું હશે ....... (શ્રોતા : ...) પાછળ અહીં નાંખ્યું છે. મોઢા આગળ નાંખ્યું છે. અક્ષર, લાલ અક્ષરથી લખ્યું છે. મોક્ષ તત્ત્વ ઈ તો આગળ પછી આવે છે એ જુદી વાત છે. એ તો આવે છે ને નવમે? એ તો ખબર છે. ઓલ્યા તિર્યંચ ને અધિકારે એમ કે એને દેવ-ગુરુ-શાસ્ત્ર આવી જાય છે અંદર. હેં? આ વો તો હૈ, વો તો ખબર હૈ વો અનુસંધાન કરીને નાંખ્યું છે લાલ અક્ષર કરીને, એ તો આવે છે ખ્યાલ છે બધો.

મોક્ષતત્ત્વ તો અરિહંત સિદ્ધકા લક્ષણ ... હવે આમાં કોઈ કારણ સિદ્ધ કરે છે. ક્યા? કે મોક્ષ સમજતે નહિ ઉસકો અરિહંત, સિદ્ધકા ભી ભાન નહિ હૈ. અરિહંત, સિદ્ધકી પિછાણ નહિ, કેવળજ્ઞાનકી ખબર નહિ. જિસકો કેવળજ્ઞાન ક્યા હૈ અને ઉસકી એક સમયમેં તીનકાળ તીનલોક સામાન્ય વિશેષ યે સબ જાનતે હૈ, ઉસમેં ગરબડ કરતે હૈ તો વો અરિહંત સિદ્ધકો ભી જાનતે (નહિ). ઔર મોક્ષકોભી જાનતે નહિ. વો માટે જરી લિખા હોગા એમ લાગે છે કાંઈ. સમજાણું કાંઈ? સમજમેં આયા? ધર્મકા મૂળ તો અરિહંત હૈ, ઉસકે વાણી નીકળી હૈ ઔર ભાવ થા અંદર જે સર્વજ્ઞ, તો યે સર્વજ્ઞકો હી હજી સમજતે નહિ. એક સમયે ઓલા કહે ઐસા જાને ... જુઓને? આવ્યું છે ને કાલે? કાલે નહિ... કાલે નહિ? પહેલામાં આવ્યું છે? આ ... સાત પ્રશ્નમાં બહુ આવ્યું છે. કેવળજ્ઞાન અનાદિ અનંત જાણે કે નહિ? ભગવાન જાણે અને એ છદ્મસ્થ જાણે કે કેવળી જાણે, અરે! બેય જાણે હવે સાંભળને માળા અનાદિ અનંત ન જાણે તો જ્ઞાન શેના?

પોતાનો આત્મા આદિ અંત વિનાનો છે, ઐસા જ્ઞાન ન હુઆ તો જ્ઞાન કૈસા આયા ? (શ્રોતા : એ તો અનેકાંત છે) કૈસા અનેકાંત. અનાદિ... અરે ! હાલ, હાલ. વસ્તુ તો અનાદિ અનંત છે તો કેવળીને અનાદિ અનંત ને સાદિ સાંત હો જાતા હૈ. ભારે, કેવળજ્ઞાનના ગોટા નીકળ્યા. ક્રમબદ્ધ બહાર આયા ક્રમબદ્ધ, બહાર આયા ને ગોટા ઊઠયા. કહતે હૈ કે **સિદ્ધ હોના તાકૌં મોક્ષ માનૈ હૈ.** લ્યો ! મોક્ષ તત્ત્વકી ભૂલ બતાતે હૈ. ''**સિદ્ધ હોના તાકૌ મોક્ષ બહુરિ જન્મ-જરા-મરણ-રોગ-કલેષાદિ દુઃખ દૂરી ભયે. અનંત જ્ઞાન કરિ લોકાલોકકા જાનના ભયા....**'' લ્યો ! આ સિદ્ધકા એમ કે લક્ષણ માનતે હૈ. અહો ! જન્મ - જરા - મરણ - રોગ - કલેષાદિ દુઃખ દૂર હોયે. અનંત જ્ઞાન કરિ લોકાલોકકો જાનના ભયા, લોકાલોકકો જાનના. પોતે ક્યાં ગયો ? ''**ત્રિલોકપૂજ્યપના ભયા....**'' ઓહોહો ! ત્રણલોકમાં પૂજ્ય થયા ''**ઈત્યાદિ રૂપ કરિ તાકી મહિમા જાનૈ હૈ સો સર્વ જીવનિકૈ દુઃખ દૂર કરનેકી વા જ્ઞેય જાનનેકી વા પૂજ્ય હોનેકી હૈ....**'' ક્યા સિદ્ધકા સ્વરૂપ કહા યહાં ? સમજમેં આયા ?

''**સર્વ જીવનિકૈ દુઃખ દૂર કરને કી....**'' કહ્યું ને ઓલા જન્મ - જરા - મરણ - રોગ - કલેશાદિ દુઃખ વા જ્ઞેય જાનનેકી લોકાલોકને જાણે એ. અને પૂજ્ય હોનેકી ચાહી હૈ. તીનોં બાત લે લિયા. ''**ઈન્હીકૈ અર્થ મોક્ષકી ચાહિ કીની....**'' એને માટે મોક્ષની ઈચ્છા કરી. ''**તૌ યાકૈ ઔર જીવનિકા શ્રદ્ધાનતૈં કહા વિશેષતા ભયી ?....**'' તારે અને બીજા જીવની શ્રદ્ધામાં ફેર ક્યાં પડયો ? ફેર ક્યા હુઆ ? કે હમ જૈન હૈ મોક્ષતત્ત્વ ઐસા માનતે હૈ, સિદ્ધ લોકાલોકકો જાનતે હૈ. ત્રિલોકકા પૂજ્ય હૈ, જન્મ, જરા, મરણસે રહિત હો ગયે તો સારા દુઃખકા દૂર કરના અને પૂજ્યપના કરના અને જ્ઞેયકો જાનના ઐસી ચાહ તો સર્વ જીવકો હૈ તો તેરી સર્વ જીવસે શ્રદ્ધામેં ફેર ક્યા હુઆ ? મોક્ષતત્ત્વકી તને ખબર નહિ. કહો ...ચંદજી ! આ મોક્ષકી બડી ગડબડ કર દેતે હૈ મોક્ષમેં.

''**યાકે ઐસાભી અભિપ્રાય હૈ....**'' દેખો વળી મોક્ષ તત્ત્વકી દૂસરી ભૂલ બતાતે હૈ. ''**યાકે ઐસાભી અભિપ્રાય હૈ કે સ્વર્ગ વિષૈ સુખ હૈ તાતૈં અનંતગુણા મોક્ષ વિષૈ સુખ હૈ....**'' ઈન્દ્રના સુખ કરતા મોક્ષમેં અનંતગુણા સુખ હૈ. (શ્રોતા : આવે છે ને ?) એ આવે એ તો ઉપચાર કરીને આવ્યું છે ને ! સર્વોત્કૃષ્ટ સુખ લોકમાં બીજુ દેખે નહિ, તો દેવના સુખનો ખ્યાલ કરાવી, અને અનંતગણું કહે. પણ જાતિ એક હો તો અનંતગુણા કહેના વો તો સ્વર્ગકા સુખ તો ઝેર હૈ. ભગવાન આત્માકા સુખ તો અનંત આનંદ અમૃત હૈ. વો ઝેર સે અમૃતકા ગુણાકાર કહાં સે હોગા ? હેં ? સમજમેં આયા ? ''**સ્વર્ગ વિષૈ સુખ હૈ તાતૈં અનંતગુણા મોક્ષમેં સુખ હૈ....**'' કહે જુઓ માને છે કે નહિ ઘણાં ? માળે ઓહોહો ! મોક્ષમાં સુખ ઈન્દ્રથી

અનંતગુણા. ''**સો ઈસ ગુણાકાર વિષૈ સ્વર્ગ મોક્ષ સુખકી એક જાતિ જાનૈ હૈ....**'' સ્વર્ગના સુખની જાત અને મોક્ષના સુખની જાત એક વર્ગ. એક એકડિયાનો વર્ગ. પછી પાંચસો નંબર નો હોય કે પહેલે નંબર હોય. ''**તહાં સ્વર્ગ વિષૈ તો વિષયાદિ સામગ્રી જનિત સુખ હો હૈ....**'' ત્યાં તો વિષયાદિ સામગ્રી જનિત રાગકા, રાગકા ઝેરકા સુખ હૈ, હેં? આ પૈસાવાળા સુખી કહે છે ને? ધૂળમાંય સુખ નથી. (શ્રોતા : ...) કલ્પના કરે છે સામગ્રીને દેખીને કે મારે... જાણે કો'ક કહેતુ'તું ને હમણાં કે કેટલા ઉપજ? એ તો બહુ કહેતા'તા એક દિવસની ત્રીસ હજારની પેદાશ છે એમ કહેતા'તા કાંઇ?

પોપટભાઇ હતાને! ગ્યાકે નથી હમણાં નહિ! એમના સાળા ગોવામાં રહે છે જે? દશાશ્રીમાળી, આપણે ત્યાં જોરાવર છે ને? શાંતિલાલ પણ પાંચ-સાત હજારની પેદાશ હોય જે ૧૦-૧૦ લાખના તો બંગલા છે ત્યાં, ગોવામાં. એક કરોડ રૂપિયાનોતો સામાન પડયો છે, ઓલા બધા શું કહેવાય? એના ... હોયને? કૂવા ને તેલ નીકળે છે ને? ... મોટો ઘણો, ઘણા કરોડ, એ તો વળી અબજોપતિ કહેતા હતા. એ પોપટભાઇ કહે, કીધું અબજોપતિ નહિ પણ હશે કંઇ કેટલા કરોડ (શ્રોતા : ...) હેં? હા એવું કાઢે સમજ્યા? પણ ઇ તો કહે એક દિવસની કહે ત્રીસહજારની પેદાશ. ઓહોહો! બાર મહિને સાઇઠલાખ. લક્ષ્મીચંદનેય સાઇઠલાખ નથી પેદાશ. હવે ઇ તો કહે આખો દિ' પૈસા વધી ગ્યાને, છોકરો કહે કે આ મોટર લેની હૈ, ઓલા કહે કે આ મોટર લેની હૈ ફેરવી નાંખો. ઓલો કહે કે આ લેની હૈ એને આમ તકિયા નાંખીએ. ઐસા આ લાકડા નાંખના ઐસા.

એ આખો દી' લાકડામાં જ જાય ન્યાં(ત્યાં), પૈસા ઘણાં. દશાશ્રીમાળી વાણિયા હોં આપણા, છે ને? જોરાવરમાં. છે ને આંહી પોપટભાઇ, આપણા લીંબડીવાળા નહિ? આ પરનાળાવાળા આ ધારશીભાઇના ગામના, ના ના આ પોપટભાઇ પરનાળાના અને એ તો આપણાં આમના ભાઇ છે ને! આ તમારા મામાના દિકરા શાંતિલાલની વાત હાલે છે. (શ્રોતા : એની પેદાશ ઘણી છે) એટલી પેદાશ! આ પોપટભાઇ કહેતા'તા કે એક દિવસની ત્રીસહજારની એક દિવસની. એ કુંવરજીભાઇ! થોથે, થોથા (શ્રોતા : ...) આ ડાહ્યા થઇને કર્યું છે એ મીંડા વાળવા જેવા છે. કાંઇ છે નહિ ચક્કર હોં! ઓલ્યો દસ, ત્રીસહજારની નહિ પણ પાંચ - સાત હજારની કહે છે હેં? ત્રીસહજાર? કેટલા વીસ તો કેટલા થયા? બાર મહિને પણ? કહે છે પણ વીસહજાર કેટલા થ્યા? (શ્રોતા : ...) છ લાખ રૂપિયા મહિને અને બોત્તેર લાખ બાર મહિને. હેં? બોત્તેર લાખ બાર મહિને. એટલી બધી તો કોની હશે પેદાશ છે મોટી, મોટા કારખાના છે. વાણીયા છે આપણા દશાશ્રીમાળી, પાનાસણાના છે, આના મામાના દીકરા, સગા મામાના દીકરા આના.

(શ્રોતા : ...) હા, ધૂળમાંય સખ નથી એમ આંહી કહેના હૈ એ હમણા કહેતો'તો કે આખો દી' છોકરાઓ ને છોડિયું, લડકા-લડકી પૈસા બહોત, ઐસા લાઓ, ઐસા મકાન આ એનું કરો, આ મોટર લાવો ને આ લાવો ને આ લાવો ને આ લાવો. હોળી તે હોળી, આખો દિ' સળગે. શાંતિ જરીએ ન મળે. આટલા પૈસા થયા તોય ધૂળમાંય ન મળે. (શ્રોતા : ...) પૈસામાં કે દી' શાંતો હતો? પોપટભાઇ! જેમ પૈસા વધે એમ આ છોકરાઓય એમ કહે હોં બધું આ, હેં? (શ્રોતા : ...) કમળો થઇ ગ્યો છે. કહે છે કાંઇ એ તો સામગ્રી જનિત કલ્પના છે સ્વર્ગમાં. સામગ્રી મળી ઘણી એની કલ્પના, એના સુખને તું સિદ્ધના સુખ હારે મિલાતે હૈ? ક્યાં અતીન્દ્રિય આનંદ અમૃતના રેલમછેલ આનંદ મુક્તમેં અને ક્યાં ઝેરના આનંદ? એ પૈસાને ધૂળના પચાસલાખ કે કરોડ પેદા કરતો હોય તો ક્યા હુઆ ઉસમેં? એ તો પૂર્વના પુણ્ય હોય તો એ મળે ઉસમેં ક્યા આયા? ધૂળમેંય હૈ નહિ. પણ અમે બરાબર-બરાબર જાળવીએ છીએ લ્યો! કુંવરજી ભાઇ! લ્યો બીજાની દુકાન ઊડી ગઇ અને અમે ધ્યાન રાખીએ તો દુકાન જાળવીએ છીએ.

આ શાસ્ત્ર આચાર્ય કહે છે કે બધું ગપેગપ ગોળા છે. (શ્રોતા : ...) એણે ધંધો ક્યાં કર્યો છે? બધી બુદ્ધિ સમજવા જેવી છે. એ તો થવા કાળે થયા કરે છે. કીધું ને વાણિયાને આટલું બધું, ઓલો એક મહિનામાં પચાસલાખ. નહિ પારેખ? ક્યાં ગ્યા અમૃતલાલભાઇ, આ રહ્યા. એમના સાળા કેશવલાલ પારેખ, એક મહિનામાં પચાસલાખ. હવે એ તો ધૂળમાં પૂર્વના પુણ્યકા રજકણ હો, આ જાય, ઉસમેં આયા ક્યા? તેરે કહાં શાંતો ને ધર્મ હૈ, કે પૈસા ખરચું માટે ધર્મ. ધૂળમાંય ધર્મ નથી સુનને સહી. (શ્રોતા : ...) એ તો રાગ મંદ કરે તો પુણ્ય હો, બાકી ધર્મ બર્મ કૈસા ઉસમેં? તો કહતે હૈ કિ સ્વર્ગના સુખ સામગ્રી જનિત હૈ. અહીં તો એ સિદ્ધ કરના હૈ. સમજમેં આયા? એ સામગ્રી જનિત હૈ ને? સુખ સામગ્રી જનિત, આત્મજનિત નહિ. વો તો સામગ્રી દેખકર ઐસા કલ્પના, કલ્પના, કલ્પના બસ આમ કરોને!

આપણે ઘરની મોટર બનાવો, સાઇઠલાખની એક બનાવો. સાઇઠલાખની મોટર દુનિયામાં, હિંદુસ્તાનમાં ન હોય એવી એક મોટર બનાવો આપણે મોટી, શું કરવું પણ એમાં? પૈડાં જુદા, ફલાણું જુદું, એવી સામગ્રીની કલ્પના હોળી સળગે અને દુ:ખી છે. ''**તાકી જાતિ યાકૌં ભાસૈ હૈ....**'' એ સ્વર્ગના સુખની જાત મોક્ષમાં ભાસે ''**અને મોક્ષ વિષૈ વિષયાદિ સામગ્રી હૈ નાહીં....**'' મોક્ષમાં તો કાંઇ વિષય સામગ્રી નથી. (શ્રોતા : પૈસો નથી) પૈસોય નથી અને આહારનો કણે નથી, રહેવાને મકાને નથી, લાડી, વાડી, ગાડી,

ઘોડી કાંઇ નથી ત્યાં. સિદ્ધમેં લાડી નહિ, વાડી નહિ, ગાડી નહિ, ઘોડી નહિ (શ્રોતા : ...) હવે ગાડી એટલે પહેલા ગાડી હતી એવી, ગાડી કહેતે હૈ ને હવે કાર, કાર કહેતે હૈ ને? (શ્રોતા : ...) હેં? ક્યા? (શ્રોતા : ...) પણ એ તો અતીન્દ્રિય આનંદકા સુખ હૈ, પરકા ક્યા આયા?

ભગવાન આનંદકંદકા પર્વત હૈ ઉસમેં સે નિકાલકર આનંદકી પર્યાય અનંતી નિરાકુળ, શાંતરસ જિસકા આનંદકી ગંધ ઇન્દ્રકા ઇન્દ્રાસનમેં નહીં. ઐસા કહાં આત્માકા સુખ અને કહાં સ્વર્ગકા સામગ્રી જનિત સુખ! દોકી એક જાતિ માનનેવાલા મિથ્યાદષ્ટિ હૈ. એ ઉસકો મોક્ષકે સુખકા પતા નહીં, ક્યા મોક્ષકા સુખ હૈ ખબર નહીં હૈ, સમજમેં આયા? શું સુખ છે કંઇ ધૂળેય નથી. પછી બહુ પૈસા થાય તો છોકરાય માને નહીં. પોપટભાઇ! પછી કહે હા તમે તમે જૂના ગર્ભશ્રીમંત નથી, અમે ગર્ભશ્રીમંત આવ્યા છીએ. બોલશો નહીં ઝાઝું તમે કહે બાપા! તમે તો પહેલા સાધારણ હતા અને અમે આ પાંચ - દસ લાખમાં આવ્યા, ગર્ભશ્રીમંત આવ્યા છીએ એના પ્રમાણમાં અમારે સામગ્રી જોઇશે. ઠીક બાપા! (શ્રોતા : ...) હા, હા એમ બધે થાય છે. (શ્રોતા : એમ બનેલું છે) બનેલાની વાત હાલે(ચાલે) છે ને?

અમારે એકજણો કહેતો હતો કીધુંને? ...માં છોકરો બાર વર્ષનો હતો ગૃહસ્થમેં અવતરેલા સારા ગૃહસ્થમાં પચાસ - સાઇઠ વર્ષ પહેલા, પછી એનો બાપ ન મોકલે પૈસા, પૂનામાં ભણે, દશાશ્રીમાળી વાણિયાનો છોકરો. પૂનામાં ભણે તો પૈસા ન મોકલે તો કહે બાપા આ કાકા ભેગા છે ઉસકો ન જચે તો મહિને બસ્સો રૂપિયા ખરચવાના ગુંજામાં જોઇશે, લખીને મોકલે. આપણે ખાતર લખીને, અમે ગરીબને ઘરે નથી અવતર્યા એમ લખ્યું'તું. અમને બધાની ખબર હોય કે નહીં? ઘણાની ખબર હોય. અમે ઘોડાગાડીને ઘરે અવતર્યા છીએ, ઊસમેં જનમ લિયા હૈ, ઐસે હમ ગરીબકે ઘર (નહીં) અને વો લક્ષ્મી એ વખતે તો રોકડ નગદ ચલતે થે ને? રોકડ પૈસા એ અમે ઉપાડીએ છીએ. એ વખતે પૈસા હતાને ચાંદી, રોકડ તબ જો લાખ, દો લાખ આતે થે સો હજાર કોથળી આવે ને! એક એક કોથળી હજારની સો, એ ત્યાં જ્યાં મૂકવી હોયને જ્યાં જે કમરામેં ત્યાં મજૂર ન લઇ જાય, ઘરના માણસોને બોલાવે. મજૂર તો અમૂક સુધી લઇ જાય ત્રણ માળ બહાર સુધી. બસ્સો - ત્રણસો કોથળી આવી હોય, એક એક કોથળી હજારની ત્રણલાખની તો ઓલા છોકરાઓને બોલાવે, ઉપાડીએ છીએ આ એ વખતે કેડયું(કેડું-કમર) અમારી ભાંગે છે હોં. એ જ્યારે અંદર લઇ જવા પડે ત્યારે અને તમે કહેતે હો કે મહિને ગુંજાના પચાસ, આ પહેલાની વાત છે. આ તો ચાલીસ વરસ પહેલાની. જોઇશે પૈસા મહિને બસ્સોનો ખરચ જોઇશે. ખાના - પીનાકી દૂસરી બાત. ગુંજાનો ખરચ બસ્સો મહિને જોઇશે. ના પડાય નહિ પછી આમાં. પોપટભાઇ! સાચી વાત છે ને એ તો. (શ્રોતા : બધા એમ જ માને છે).

કહો, ''**સો વહાંકા સુખકી જાતિ યાકૌં ભાસૈ તૌ નાહીં અતીન્દ્રિય આત્માકા સુખ તો ભાસે (નહીં)....**'' ઓહોહો! અંદર આનંદ... આનંદ... આનંદ... ક્યા હૈ અતીન્દ્રિય સમ્યગ્દર્શન બિના ઉસકી તો ખબર હૈ નહીં તો લગાદે સામગ્રીકા સુખ ને સિદ્ધકા સુખ એક જાતકા. ''**સુખકી જાતિ ભાસૈ નાહીં પરંતુ સ્વર્ગસે ભી ઉત્તમ મોક્ષકૌં મહાપુરુષ કહે હૈ....**'' એ મહાપુરુષ કહે છે કે સ્વર્ગથી મોક્ષ ઉત્તમ. ''**તાતૈં યહભી ઉત્તમ માને હૈ જૈસે કોઉ ગાનકા સ્વરૂપ તો ન પહિચાને. પરંતુ સર્વ સભાકે સરાહૈં, તાતૈં આપભી સરાહે હૈ....**'' બધા દાંત કાઢે, છોકરો બેઠો હોયને બે વરસનો એ પણ દાંત કાઢે? શું કરવા? કો કાંઇ ભલે ખબર ન હોય અમને દાંત કાઢે ભેગો, કાઢે. મા-બાપ દાંત કાઢતા હોય નૈ ઓલો દાંત કાઢે. પણ શું કરવા? અમે તો કારણથી જાણીએ છીએ કે આમાં કાંઇક વિસ્મયતા છે. એ કહે તમે કાઢો માટે અમેય કાઢીએ. સમજાય છે કાંઇ?

એમ સિદ્ધના સુખની જાતની ખબર ન મળે. મહાપુરુષો કહે કે મોક્ષમાં મહાસુખ અમેય કહીએકે મહાસુખ એમ તને મહાસુખ સિદ્ધની ખબર નથી બાપુ! એ રાગ રહિત, વિકલ્પ રહિત, સામગ્રી રહિત, મન રહિત, વાણી રહિત દેહાતિત એવા આત્માના આનંદમાંથી પાવર ફાટીને જે નીકળી પર્યાય પૂર્ણાનંદ, પૂર્ણાનંદ એના આનંદની તો તુલના કહાં ''**ઐસા મોક્ષ જાનૈ નહીં ને સ્વર્ગ કે સાથ મિલાદે તો મિથ્યાદષ્ટિ....**'' એને મોક્ષતત્ત્વકી ખબર નહીં.

વિશેષ કહેશે....

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।